# KNOWLEDGE CONSORTIUM OF GUJARAT

Registered Society under the Department of Education
Pragna Puram Campus, Opposite PRL, Near L.D College of Engineering,
Navarangpura, Ahmedabad, Gujarat 380015, India

क्रमांक:કે.સી.જી/GCAS/૨૦૨૪-૨૫/૯૩૧ તા:૨૯/૦૬/૨૦૨૪

પ્રતિ,

કુલપતિશ્રી,

1) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
2) ગુજરાત યુનિવર્સિટી
3) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી
4) ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી
5) મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી
6) સરદાર પટેલ યુનિવર્સિટી
7) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
8) શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી
9) શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
10) મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા
11) ઇન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ ટીચર એજ્યુકેશન
12) ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપેન યુનિવર્સિટી
13) ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
14) ચિલ્ડ્રન્સ રીસર્ચ યુનિવર્સિટી
15) ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી

**વિષય: ગુજરાત કોમન એડ્મિશન સર્વિસીસ (GCAS) પોર્ટલ અંતર્ગત વિદ્યાર્થીઓનાં હિત માટે લેવામાં આવેલ અગત્યનાં નિર્ણયોનું તાત્કાલિક અમલીકરણ કરવા બાબત.**

શ્રીમાન,

શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫થી રાજ્યની ૧૫-સરકારી યુનિવર્સિટીઓ સંલગ્ન વિભાગો/ભવનો/ સરકારી, બિનસરકારી, સ્વ-નિર્ભર અને ઓટોનોમસ કૉલેજોમાં વિનયન, વાણીજય, વિજ્ઞાન, શિક્ષણ, કાયદા તથા અન્ય વિદ્યાશાખામાં ધોરણ-૧૨ પછીના સર્ટિફિકેટ, ડિપ્લોમા, સ્નાતક, સ્નાતક પછીના પ્રોગ્રામ જેમ કે, B.Ed., LLB, અનુસ્નાતક, અને પીએચ.ડી. કક્ષાના પ્રોગ્રામમાં પ્રવેશ માટે ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ પોર્ટલ – GCASની રચના કરવામાં આવેલ છે.

GCAS પોર્ટલ અંતર્ગતની વિદ્યાર્થીઓની રજૂઆતઓને ધ્યાને રાખતા ઉચ્ચ કક્ષાએ ગુજરાતની ૧૫ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની બેઠકમાં સર્વસંમતીથી વિદ્યાર્થીઓનાં હિતમાં અગત્યનાં નિર્ણયો લેવામાં આવેલ છે. જે અંગેની માહિતી આ પત્ર સાથે સામેલ છે. આમ, વિદ્યાર્થીઓના હિતને ધ્યાને રાખતા આ બાબતોનું તાત્કાલિક અમલીકરણ થાય તે મુજબની કામગીરી આપની કક્ષાએથી કરવા આપશ્રીને આથી જણાવવામાં આવે છે.

આભાર સહ,

પ્રો. એ. યુ. પટેલ,
એડવાઈઝર, કેસીજી
ઉચ્ચ શિક્ષણ વિભાગ,
ગુજરાત સરકાર

બિડાણ:

1. મિનીટ્સ ઓફ મિટીંગ
2. પ્રેસનોટ - GCAS પોર્ટલ અંતર્ગત લેવામાં આવેલ અગત્યનાં નિર્ણયો

નકલ રવાના જાણ સારું:

- પી. એ. ટુ. માન. અગ્રસચિવશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ), શિક્ષણ વિભાગ ગુજરાત રાજ્ય
- માન. કમિશ્નરશ્રી (ટેકનિકલ શિક્ષણ), શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય
- માન. નિયામકશ્રી (ઉચ્ચ શિક્ષણ), શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય

# મિનીટ્સ

આજ રોજ તા. 28-06-2024ને બપોરે 3.30 કલાકે માનનીય અગ્રસચિવની અધ્યક્ષતામાં GCAS સાથે સંલગ્ન 15 સરકારી યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ, GIPLના અધિકારીશ્રીઓ તથા કેસીજીના એડવાઇઝરશ્રી પ્રો. એ. યુ. પટેલ સાથે ઓનલાઈન મિટિંગનું આયોજન કરવામાં આવેલ હતું અને જેમાં નીચે મુજબની બાબતોની ચર્ચા કરવામાં આવી અને GCAS પોર્ટલ સંબંધિત નીચે મુજબની બાબતો માટે તેમની સામે જણાવેલ નિર્ણયો તમામ હાજર સભ્યોની સર્વાનુમતિથી કરવામાં આવેલ જે નીચે મુજબ છે:

| ક્રમ | પ્રોગ્રામ | બાબત | નિર્ણય |
|---|---|---|---|
| ૧ | સ્નાતક | GCAS પોર્ટલ પર સ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સ માટે નવી અરજી સ્વીકારવા તથા જે વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અગાઉ અરજી કરી છે તેમની અરજી સુધારવા બાબત. | તા.૦૪-૦૭-૨૦૨૪થી તા.૦૬-૦૭-૨૦૨૪ સુધી સ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સ માટે નવી અરજી સ્વીકારવા તથા જે વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અગાઉ અરજી કરી છે તેમની અરજી સુધારવા GCAS પોર્ટલ ઓપન કરવાનું અને ત્યારબાદ તમામ યુનિવર્સિટીઓએ પોતાની રીતે સમયપત્રક જાહેર કરી GIPL સાથે સંકલન કરી પ્રવેશ ઓફર અને એલોટમેન્ટની કામગીરી કરવી તેમ નક્કી કરવામાં આવ્યું. |
| ૨ | અનુસ્નાતક | GCAS પોર્ટલ પર અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સ માટે નવી અરજી સ્વીકારવા તથા જે વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અગાઉ અરજી કરી છે તેમની અરજી સુધારવા બાબત. | તા.૦૧-૦૭-૨૦૨૪થી તા.૦3-૦૭-૨૦૨૪ સુધી અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સ માટે નવી અરજી સ્વીકારવા તથા જે વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અગાઉ અરજી કરી છે તેમની અરજી સુધારવા માટે GCAS પોર્ટલ ઓપન કરવાનું અને ત્યારબાદ તમામ યુનિવર્સિટીઓએ પોતાની રીતે સમયપત્રક જાહેર કરી GIPL સાથે સંકલન કરી પ્રવેશ ઓફર અને એલોટમેન્ટની કામગીરી કરવી તેમ નક્કી કરવામાં આવ્યું. |
| 3 | સ્નાતક અને અનુસ્નાતક | GCAS પોર્ટલ મારફત પ્રોગ્રામ-કોલેજ-યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની પ્રોફાઈલ, શૈક્ષણિક | સંબંધિત યુનિવર્સિટી GIPL સાથે સંકલન કરી તેમની કક્ષાએ ફેરફાર કરી શકશે તેમ નક્કી કરવામાં આવ્યું. |

| ક્રમ | પ્રોગ્રામ | બાબત | નિર્ણય |
|---|---|---|---|
| | | વિગત કે પસંદ કરેલ વિષય, કોલેજ વગેરેમાં જરૂરી ફેરફાર કરવા બાબત. | |
| ૪ | સ્નાતક અને અનુસ્નાતક | વિદ્યાર્થીએ GCAS પોર્ટલ મારફત સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિવિધ પ્રોગ્રામ-કોલેજ-યુનિવર્સિટીમાં મેળવેલ પ્રવેશ રદ્દ કરવા બાબત. | સંબંધિત યુનિવર્સિટી GIPL સાથે સંકલન કરી તેમની કક્ષાએથી પ્રવેશ રદ્દ કરી શકશે તેમ નક્કી કરવામાં આવ્યું. |
| ૫ | B.Ed. | GCAS પોર્ટલ મારફત B.Ed. પ્રોગ્રામમાં પ્રવેશ માટે વિવિધ વિષય-કોલેજ-યુનિવર્સિટી પસંદ કરેલ વિદ્યાર્થીઓની પ્રોફાઈલ, શૈક્ષણિક વિગત કે પસંદ કરેલ વિષય, કોલેજ વગેરેમાં જરૂરી ફેરફાર કરવા બાબત. | સંબંધિત યુનિવર્સિટી GIPL સાથે સંકલન કરી તેમની કક્ષાએ ડેટામાં ફેરફાર કરી શકશે તેમ નક્કી કરવામાં આવ્યું. |

ઉપરોક્ત મુજબના નિર્ણય કરી ઓનલાઈન મીટીંગમાં ઉપલબ્ધ તમામ સભ્યોનો આભાર માનીને મીટીંગ પૂર્ણ જાહેર કરવામાં આવી.

પ્રો. એ. યુ. પટેલ
એડવાઈઝર, કેસીજી
પૂર્વ કુલપતિ,
ગુજરાત યુનિવર્સિટી

# <u>પ્રેસનોટ</u>

તા. ૨૯/૦૬/૨૦૨૪

## <u>GCAS પોર્ટલ અંતર્ગત લેવામાં આવેલ અગત્યનાં નિર્ણયો</u>

રાજ્યની ૧૫ સરકારી યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોની પ્રવેશ પ્રક્રિયામાં એકસૂત્રતા જળવાય અને નિયત સમયે કોલેજોમાં શૈક્ષણિક કાર્યનો આરંભ થઈ શકે તે માટે શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા GCAS (ગુજરાત કોમન એડમિશન સર્વિસિસ) પોર્ટલનો આરંભ કરવામાં આવેલ છે.

GCAS પોર્ટલ અંતર્ગતની વિદ્યાર્થીઓની રજૂઆતઓને ધ્યાને રાખતા ઉચ્ચ કક્ષાએ ગુજરાતની ૧૫ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની બેઠકમાં સર્વસંમતીથી નીચે મુજબનાં નિર્ણયો લેવામાં આવેલ છે જેનું અમલીકરણ તાત્કાલિક તમામ યુનિવર્સિટીઓ દ્વારા કરવામાં આવશે.

1) **<u>તા.૦૪/૦૭/૨૦૨૪ થી તા.૦૬/૦૭/૨૦૨૪</u>** સુધી **સ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સ** માટે નવી અરજી સ્વીકારવા તથા જે વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અગાઉ અરજી કરી છે તેમની અરજી સુધારવા GCAS પોર્ટલ ઓપન કરવામાં આવશે અને ત્યારબાદ તમામ યુનિવર્સિટીઓએ પોતાની રીતે સમયપત્રક જાહેર કરી ટેકનિકલ બાબતો માટે GIPL સાથે સંકલનમાં રહીને પ્રવેશ ઓફર અને એલોટમેન્ટની કામગીરી કરવાની રહેશે.

2) **<u>તા.૦૧/૦૭/૨૦૨૪ થી તા.૦૩/૦૭/૨૦૨૪</u>** સુધી **અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સ** માટે નવી અરજી સ્વીકારવા તથા જે વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે અગાઉ અરજી કરી છે તેમની અરજી સુધારવા માટે GCAS પોર્ટલ ઓપન કરવામાં આવશે અને ત્યારબાદ તમામ યુનિવર્સિટીઓએ પોતાની રીતે સમયપત્રક જાહેર કરી ટેકનિકલ બાબતો માટે GIPL સાથે સંકલનમાં રહીને પ્રવેશ ઓફર અને એલોટમેન્ટની કામગીરી કરવાની રહેશે.

3) GCAS પોર્ટલ મારફત **કોલેજ-યુનિવર્સિટીઓમાં વિવિધ પ્રોગ્રામ્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની** **<u>પ્રોફાઈલ, શૈક્ષણિક વિગત કે પસંદ કરેલ વિષય વગેરેમાં જરૂરી ફેરફાર</u>** માટે

સંબંધિત યુનિવર્સિટી/કોલેજ ટેકનિકલ બાબતો માટે GIPL સાથે સંકલનમાં રહીને યુનિવર્સિટી/કોલેજની કક્ષાએ જરૂરી ફેરફાર કરી શકશે.

4) GCAS પોર્ટલ મારફત વિદ્યાર્થી દ્વારા **કોલેજ-યુનિવર્સિટીઓમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષામાં પ્રવેશ મેળવેલ હોય અને પોતાનો પ્રવેશ કોઈ કારણસર રદ કરાવવા ઈચ્છતા હોય તો તેઓ** સંબંધિત યુનિવર્સિટી/કોલેજમાં જઈ પોતાના પ્રવેશ રદ કરાવી શકશે. આ માટે યુનિવર્સિટી/કોલેજ ટેકનિકલ બાબતો માટે GIPL સાથે સંકલનમાં રહીને જે તે યુનિવર્સિટી/કોલેજ **કક્ષાએથી પ્રવેશ રદ્દ કરી શકશે.**

5) GCAS પોર્ટલ મારફત વિદ્યાર્થીઓ દ્વારા **B.Ed. પ્રોગ્રામમાં પ્રવેશ મેળવેલ હોય પરંતુ વિદ્યાર્થી પોતાની પ્રવેશ મેળવેલ વિષય, શૈક્ષણિક વિગત વગેરેમાં જરૂરી ફેરફાર** કરવા ઈચ્છતા હોય તો, તે સંબંધિત યુનિવર્સિટી/કોલેજ ટેકનિકલ બાબતો માટે GIPL સાથે સંકલનમાં રહીને યુનિવર્સિટી/કોલેજ કક્ષાએ ફેરફાર કરી શકશે.

પ્રો. એ. યુ. પટેલ
એડવાઈઝર, કેસીજી
પૂર્વ કુલપતિ,
ગુજરાત યુનિવર્સિટી